ગાંધીનગર સમાચાર



# જિલ્લા પંચાયતની બેઠકમાં જ પ્રથમ ગ્રાસે મક્ષિકા

## પ્રથમ સામાન્ય સભામાં જ કોંગ્રેસની આંતરિક જુથબંધી ચરમસીમાએ પહોંચી સામાન્ય સભા મુલત્વી રાખવાની જાહેરાત કરતા ભારે રાજકીય ચકચાર : મોડીસાંજે જિલ્લા પંચાયત પ્રમુખ પક્ષના મેન્ડેડ સાથે સહમત થયા હોવાનું જણાવ્યું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે પ્રથમ સામાન્ય સભામાં જ સમિતિઓની રચનાને મુદ્દે ઉભી થયેલી મડાગાંઠને લઈ સામાન્યસભા મોકુફ રાખી દેવામાં આવી હતી.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે આજે સરદાર હોલમાં સામાન્યસભા મળી હતી. સામાન્યસભા પૂર્વે કોંગ્રેસના સભ્યોને પક્ષનો મેન્ડેટ બજાવવામાં આવ્યો હતો.

આ પછી ૧૦ મિનિટ બાદ સામાન્ય સભાનું કામકાજ શરૂ થયું હતું અને એક પછી એક એમ ૪ મુદ્દાઓ સર્વાનુમતે પસાર કરી દેવાયા હતા. આ પછી ૫મા ક્રમે સમિતિઓની રચનાનો મુદ્દો હાથ ધરવામાં આવ્યો હતો.

સમિતિઓની રચનાની પ્રક્રિયા હાથ ધરતાં પૂર્વે પુનઃ સભ્યોને બજાવવામાં આવેલ મેન્ડેટનું વાંચન કરી સભ્યોને તેની જાણકારી આપવામાં આવી હતી.

આ પછી જિલ્લા પંચાયતની સમિતિઓની રચના માટે બંધ કવર જે પ્રદેશ સમિતિમાંથી નિરીક્ષક શ્રી બળદેવભાઈ લુણી લઈ આવ્યા હતા તે સિનિયર સભ્ય શ્રી અરવિંદસિંહ સોલંકીએ ખોલ્યુ હતુ અને તેમાં કારોબારી સમિતિની દરખાસ્ત શંકરભાઈ ચૌધરી કવર ખોલી કરશે તેવુ લખાણ હોવાથી શંકભાઈએ તે દરખાસ્તનું વાંચન કર્યું હતું.

આ દરખાસ્તમાં શ્રી અરવિંદસિંહ સોલંકી, મંગુબેન ચૌધરી, રાજીબેન રાઠોડ, સોનલબેન પટેલ, નાથુજી મકવાણા, ભવાનસિંહ ઠાકોર, જગતસિંહ ઝાલા અને રાઠોડ આશાબેન તથા ઠાકોર શમુબેનના નામો હતા.

આ નામો સાંભળતા જ ખુદ પંચાયત પ્રમુખ પણ ચોંકી ઉઠ્યા હતા. તેમણે આ મુદ્દે નારાજગી વ્યક્ત કરતાં સિનીયર સભ્યશ્રી અરવિંદસિંહે ફોન કરી નિરીક્ષક શ્રી લુણીને સભાખંડમાં આવવા વિનંતી કરી હતી.

શ્રી લુણી તાબડતોબ સભાખંડમાં આવી પહોંચ્યા હતા અને પ્રમુખને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે સહમત ના થતાં તેમને લઈ ખંડની બહાર ગયા હતા.

આ વેળાએ દહેગામ તાલુકાના ધારાસભ્ય શ્રીમતિ કામિનીબા રાઠોડ પણ બહાર ગયા હતા. જોકે આ પછી મહેમાન તરીકે હાજર રહેલા શ્રી કનુભાઈ ચૌધરીએ દહેગામના સભ્યોને બહાર નીકળી જવા જણાવ્યુ હતુ અને ૧૦થી વધુ સભ્યો સભાખંડ છોડી જતા રહ્યા હતા.

ત્યારબાદ ૨૦ મિનિટ સુધી નિરીક્ષકો, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ અને જિલ્લા પ્રમુખ શ્રી ઠાકોર વચ્ચે વાતચીત ચાલી હતી અને પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીનો સંપર્ક સાધવા પ્રયાસ કર્યો હતો.

આ પ્રયાસો ચાલુ હતા ત્યારે શ્રી રામાજી ઠાકોર ગૃહમાં પરત ફર્યા હતા. આ વેળાએ ભાજપના જયેશ ચૌધરીએ ઉભા થઈ ગૃહનો સમય વ્યતીત કરવાને બદલે આગળની કાર્યવાહી કરવા વિનંતી કરાતં અધ્યક્ષ શ્રી રામાજી ઠાકોરે સભા

● અનુસંધાન પાન-૭ પર

## પંચાયત પ્રમુખે જ પક્ષના મેન્ડેટ સામે વિરોધ કર્યો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભામાં જ કોંગ્રેસ પક્ષની અંદર પ્રવર્તતી જૂથબંધી ચરમસીમાએ બહાર આવી હતી અને પક્ષના આદેશનું પંચાયત પ્રમુખ દ્વારા જ પાલન ન થતાં આગામી દિવોસમાં નવાજુનીના એંધાણ થવાની શક્યતાના સંકેતો મળી રહ્યા છે.

**ચાલુ સભાએ નિરીક્ષક સભાખંડમાં આવે, સભાપતિ સભાખંડ છોડી જાય અને ફોન પર વાતો થાય તે બિન લોકશાહી છે : ભાજપ**

ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભા જ કોંગ્રેસ માટે 'પ્રથમ ગ્રાસે મક્ષિકા' જેવી પુરવાર થઈ હતી.

સામાન્ય સભામાં કોંગ્રેસ પક્ષના નિરીક્ષકનું દોડી આવવુ, સભામાંથી સતત ફોન પર નિરીક્ષકો સાથે સંપર્ક રાખવાની વાતને લઈ ભાજપના શ્રી જયેશ ચૌધરીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે લોકશાહીની પરંપરાઓનું આટલુ અવમૂલ્યન અમે ક્યારેય જોયું નથી.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામાજી ઠાકોર અને શ્રી કનુભાઈ ચૌધરીએ વ્યક્ત કરેલી નારાજગીને લઈ પ્રદેશ મોવડીમંડળ પણ ચોંકી ઉઠ્યું છે. આજે


● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી ખાતે પ્રજાસત્તાક દિનની પરેડમાં 'ગીર અભ્યારણ્ય એશિયાઈ સિંહ'નો ટેબ્લો

ગાંધીનગર, તા. ૨૨

આગામી ૨૬મી જાન્યુઆરીએ નવી દિલ્હી ખાતે ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખની ઉપસ્થિતિમાં યોજાનાર પ્રજાસત્તાક દિનની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાત સરકાર દ્વારા 'ગીર અભયારણ્ય-એશિયાઈ સિંહ' વિષયક ટેબ્લો રજૂ કરવામાં આવશે. ગીર અભયારણ્ય ચાલુ વર્ષે પોતાની સ્થાપનાનું ૫૦મું વર્ષ ઉજવી રહ્યું હોઈ, ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય પરેડમાં 'ગીર અભયારણ્ય-એશિયાઈ સિંહ' વિષય પસંદ કરવામાં આવ્યો છે.

ગીર અભયારણ્યમાં પોતાની આગવી છટા સાથે મુક્ત રીતે જીવન જીવતા એશિયાઈ સિંહોએ વૈશ્વિક સ્તરે ગુજરાતને અને ભારતને ગૌરવ અપાવ્યું છે. રાજ્ય સરકારના ઉત્તમ વ્યવસ્થાપન અને ગીરમાં સિંહો વચ્ચે વસતા માલધારી પરિવારોના સંયુક્ત પ્રયાસોથી પ્રાકૃતિક અને પર્યાવરણીય સમતુલા પ્રસ્થાપિત થવાના કારણે, છેલ્લે ૨૦૧૫માં થયેલી સિંહોની વસ્તી ગણતરીમાં એશિયાઈ સિંહોની વસ્તી પાંચ વર્ષમાં ૨૭ ટકાના વધારા સાથે ૫૨૩ની નોંધાઈ છે. જેને ખૂબ મોટી સફળતા ગણાવી શકાય.




## આવાસોમાં બિનઅધિકૃત વસવાટ અંગેના સર્વેની કામગીરી અધ્ધરતાલ

ગાંધીનગર તા ૨૨

શહેરના સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો હોવાના અનેક કિસ્સા પ્રકાશમાં આવે છે. અગાઉ પણ તંત્ર દ્વારા આવા બિનઅધિકૃત કિસ્સાઓ અન્વયે કોર્ટ કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે સરકારી આવાસોમાં ગેરકાયદેસર વસવાટ અંગે તંત્ર દ્વારા મોટાઉપાડે સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. પરંતુ ચાર મહીનાના અંતે સર્વેની કામગીરી હજુ પણ પુર્ણ થઈ નથી. બીજીતરફ સેકટરોમાં બિન અધિકૃત કબજા હેઠળના સરકારી આવાસોની સંખ્યા પણ વિશેષ હોવાનુ ચર્ચામાં છે.

**સેકટરોના સરકારી મકાનોમાં બિનઅધિકૃત કબજેદારોની સંખ્યા વિશેષ હોવાનો કકળાટ : ઈન્કવાયરી કચેરીઓની પણ રહેમનજર**

શહેરમાં દાયકાઓ જુના સરકારી આવાસો ખંડેર હાલતમાં છે. જેમાં કેટલાક મકાનોનુ

● અનુસંધાન પાન-૭ પર

## સે-૨૦ની મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૦માંથી એક મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેણીનીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

**શહેરમાંથી પ્રથમ કેસ સ્વાઈન ફ્લુનો નોંધાયો : ગયા વર્ષે શહેરમાં ૬૨ કેસ સ્વાઈન ફ્લુના થયા હતા**

સેકટર-૨૦ના જ ટાઈપના કવાર્ટરમાં રહેતી આ મહિલાને સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનું આજે જણાયું હતું. બ્લોક નં. ૧૧૪માં રહેતી મહિલા ઈન્દિરાબેન બુગે જે ગાંધીનગર સિવીલમાં દાખલ હતા તેમના નમુના લઈ અમદાવાદની સોલા હોસ્પિટલમાં પરક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા જયાં તેણીનીને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાયેલ છે.

આ મહિલાની તબિયત હાલ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આરોગ્ય તંત્રની ટીમે ઈન્દિરાબેનના સંપર્કમાં રહેલ તેમના ૨૦ વર્ષીય પુત્ર કિશનની આરોગ્ય વિષયક તપાસ કરી હતી પરંતુ તેનામાં કોઈ પણ પ્રકારના લક્ષણો દેખાયા નહિ હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય વિભાગે સે-૨૦માં સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જો કે આજે સર્વેલન્સ દરમિયાન અન્ય કોઈ પણ દર્દી કે કેસ નહિ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર શહેરમાંથી સ્વાઈન ફ્લુનો પ્રથમ કેસ મળ્યો છે. અગાઉ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તાર રાંધેજામાંથી સ્વાઈન ફ્લુનો પોઝીટીવ કેસ મળેલ હતો તે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરમાં સતત બદલાતા રહેતા હવામાનને કારણ આ વર્ષે સ્વાઈન ફ્લુના કેસો વધુ મળી શકે તેમ જણાતાં આરોગ્ય તંત્રના અધિકારીઓને સતર્કતા દાખવી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે તાકીદ કરવામાં આવી છે. ગત વર્ષે શહેરમાં ૬૨ જેટલા કેસ મળી આવ્યા હતા.

## ગાંધીનગર ઠંડુગાર

### સુસવાટાભર્યા પવનો અને ઠારથી જનજીવન અસ્તવ્યસ્ત : લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાત હાડ થીજવતી ઠંડીની લપેટમાં આવી ગયું છે. ઠાર અને ઠંડા પવનોના કારણે વસાહતીઓ ઠુંઠવાઈ રહ્યા છે. હાડ થીજવતી ઠંડીની અસર જનજીવન પર જોવા મળી રહી છે.

છેલ્લા બે દિવસથી કાતિલ ઠંડીનો ત્રીજો દોર શરૂ થયો છે. ઠંડા પવનો અને ઠારના કારણે કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. વહેલી સવારે તો ઘરની બહાર નીકળવુ દુષ્કર બની રહ્યું છે. લઘુત્તમ તાપમાનની સાથે સાથે મહત્તમ તાપમાન ઘટતા દિવસ દરમ્યાન પણ ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે. દિવસ દરમ્યાન પડતો કુણો તડકો માણતા ઘણા વસાહતીઓ નજરે ચઢી જાય છે. જોકે સૂર્યાસ્ત થતાં જ ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડે તેવો ઠાર પડી રહ્યો છે. ઠાર વધતા કોલસા અને લાકડાં જેવા બળતણની માંગમાં વધારો થયો છે. ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમજીવીઓ આસપાસના વિસ્તારમાંથી લાકડાઓ એકત્ર કરી રાત્રી દરમ્યાન પડતી કાતિલ ઠંડીથી બચવાના પ્રયાસો કરી રહ્યા છે. હજુ આગામી કેટલાક દિવસ આવી જ કાતિલ ઠંડીનો અનુભવ થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

ભારતીય પ્રદેશમાં ઠંડા પશ્ચિમી પવન રોકતી પવનની બે સિસ્ટમ ગત સપ્તાહે તેની સ્થિતિમાંથી ખસી જતાં ઉત્તર અને મધ્ય ભારતમાં કાતિલ શિયાળો અનુભવાઈ રહ્યો છે. ડિસેમ્બરના અંતિમ અને જાન્યુઆરી માસના પ્રથમ સપ્તાહમાં દેશમાં ઉષ્ણાતામાન ઉંચુ રહ્યું હતું. કેટલાક સ્થળોએ તો તાપમાન સામાન્ય કરતા ૭-૮ ડિગ્રી જેટલું ઉંચુ નોંધાયું હતુ.

## સે-૧૫ની કોર્મસ કોલેજના સંકુલમાં છેલ્લા ચાર મહીનાથી અંધારપટ



(તસવીર : કશ્યપ નિમાવત)

**અનેક ફરિયાદોના અંતે પણ નિરાકરણ આવતુ નથી : કોલેજ સંકુલમાં અંધારપટ્ટ વચ્ચે ગમે ત્યારે તસ્કરો હાથ ફેરો કરે તેવી દહેશત**

ગાંધીનગર તા ૨૨

સે-૧૫ની સરકારી કોમર્સ કાલેજના સંકુલમાં છેલ્લા ત્રણ મહીનાથી અંધારપટ્ટ છવાયેલો છે. આ મામલે કોલેજ કક્ષાએથી અનેકવાર તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. સાંજ ઢળતા જ કોલેજ સંકુલમાં અંધારૂ પથરાતા કોલેજ સંચાલકોને તસ્કરી વૃતિનો ભય સતાવે છે. જયારે રાત્રિના અંધારામાં અસામાજિક બદીઓનુ દુષણ ફેલાય તેવી પણ દહેશત છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટની સેવા ખાડે ગઈ છે. સેકટરોમાં છાશવારે અંધારપટ્ટ છવાઈ જતા આમ નાગરિકોને રાત્રિના સમયે મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે છે. સેકટરોની સાથે શહેરના શૈક્ષણિક સંકુલોમાં પણ ગમે ત્યારે અંધારુ છવાઈ જતા તસ્કરો પણ બિન્દાસ્ત બને તેવી સ્થિતિ સર્જાય છે. શહેરના શૈક્ષણિક સંકુલોમાં ઘણીવાર જાણભેદુઓ હાથફેરો કરતા હોવાના કીસ્સાઓ પણ પ્રકાશમાં આવે છે. ત્યારે સે-૧૫ની સરકારી કોમર્સ કોલેજમાં પણ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦
ધી ટેસ્ટ ઓફ કેપીટલ
મધુર કાફે પાર્લર ચલાવવા જોગ
મધુર ડેરીના મેઈન ગેઈટ ઉપર આવેલ 'મધુર કાફે પાર્લર' (ફાસ્ટ ફૂડ) એજન્સી / ભાડા કરારના ધોરણે ચલાવવા માટે આપવાનું છે. પરમેનન્ટ ઈન્કમટેક્સ નંબર ધરાવતા તેમજ ફાસ્ટફુડના અનુભવ તેમજ ફુડ સેફ્ટી લાયસન્સ ધરાવતા હોય તેવા ઈસમોએ તા. ૨૩/૧/૨૦૧૬ થી તા. ૩૦/૧/૨૦૧૬ સુધીમાં અરજી ફોર્મ મેળવીને તા. ૧/૨/૨૦૧૬ના રોજ ૧૬-૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં કવર ઉપર મધુર કાફે પાર્લર લખીને રૂબરૂ પરત કરવાના રહેશે. વધુ માહિતી માટે માર્કેટીંગ વિભાગનો સંપર્ક કરવો.
મેનેજીંગ ડિરેક્ટર

સ્ટોક માર્કેટ ઓફિસ સ્ટાફ
(૧) ટર્મીનલ ઓપરેટર NSE - BSE, Commo : 4 પોસ્ટ
(૨) ફ્રન્ટ ઓફિસ આસીસ્ટન્ટ ઉંમર 40 થી વધુ : 4 પોસ્ટ
(૩) ઓફિસ બોય ઉંમર 18 થી 25 વ્હીકલ હોવું જરૂરી : 4 પોસ્ટ
આકર્ષક પગાર + ઈન્સેન્ટીવ + મેડીકલ + પેટ્રોલ
M. 8511568737

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાતનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૯૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com